| | | |
|---|---|---|
| | પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.<br>પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧<br>વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦<br>કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪<br>e-mail : special.cp.sur@gmail.com | स्वच्छ भारत<br>एक कदम स्वच्छता की ओर |

# :: જાહેરનામું ::

## -: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

**ક્રમાંક: એસ.બી/ ગેમઝોન- જાહેરનામું/ ૧૩૯ /૨૦૨૪**

રાજકોટ શહેરના નાનામવા મેઈન રોડ પર સયાજી હોટલ પાસે આવેલ ટી.આર.પી. મોલ ખાતેના ઝોનમાં તા.૨૫/૦૫/૨૦૨૪ના રોજ આકસ્મિક આગ લાગતા દુર્ઘટનાનો બનાવ બનેલ, જેથી અત્રેના સુરત શહેર વિસ્તારમાં આ પ્રકારની ગંભીર ઘટનાઓ અટકાવી શકાય તથા આવા સ્થળોએ જતી વખતે લોકો સ્થળ પરની સુરક્ષા બાબતે સજાગ રહે તથા આવા વિવિધ એકમોના માલિકો પણ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તે હેતુથી સુરત શહેરમાં આવેલ તમામ જાહેર તથા ખાનગી સ્થળો કે જયાં ખુબ જ બહોળા પ્રમાણમાં લોકો એકઠા થતા હોય તેવી તમામ જગ્યાઓ જેવી કે, ઓડીટોરીયમ, ટાઉનહોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, ગેમીંગ ઝોન, નાટય ગૃહો, શોપીંગ મોલ, હોટલ, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ, કાફે, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, ડાન્સ કલાસીસ, જીમ સેન્ટર, બેન્ક, હોસ્પિટલ, લાયબ્રેરી, મ્યુઝીયમ, પેટ્રોલ પંપ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, ઓદ્યોગિક એકમો, તથા તે મતબલની અન્ય જગ્યાઓ વિગેરેમાં તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ તમામ જાહેર તથા ખાનગી સ્થળો કે જયાં ખુબ જ બહોળા પ્રમાણમાં લોકો એકઠા થતા હોય તેવી તમામ જગ્યાઓ જેવી કે, ઓડીટોરીયમ, ટાઉનહોલ, પાર્ટીપ્લોટ, સિનેમા ગૃહો, ગેમીંગ ઝોન, નાટય ગૃહો, શોપીંગ મોલ, હોટલ, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ, કાફે, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, ડાન્સ કલાસીસ,જીમ સેન્ટર, બેન્ક, હોસ્પિટલ, લાયબ્રેરી, મ્યુઝીયમ, પેટ્રોલ પંપ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, ઓદ્યોગિક એકમો તથા તે મતલબની અન્ય જગ્યાઓ વિગેરેમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ ફાયર સેફટી અંગેનું પ્રમાણપત્ર, ફાયર સેફટી લે-આઉટ પ્લાન, ફાયર સેફટી અંગેના સાઈન બોર્ડ, બિલ્ડીંગ ડેવલપમેન્ટ પરમિશન, બિલ્ડીંગ યુટીલાઈઝેશન પરમિશન, હંગામી સ્ટ્રક્ચરના કેસમાં સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી અંગેનું પ્રમાણપત્ર, ઈલેકટ્રીકલ ટેસ્ટ સર્ટીફિકેટ, લીફટના ઉપયોગ માટેનું લાયસન્સ તથા નીચે મુજબના નમુનાનું સાઈન બોર્ડ પ્રિમાઇસીસની બહાર લોકો સરળતાથી જોઈ શકે તેવી રીતે રાખવા હુકમ કરૂ છું.

| પ્રમાણપત્રની વિગત | પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર ઓથોરીટી | ઇસ્યુ નંબર અને તારીખ | વેલીડીટી | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| વ્યક્તિ મહત્તમ કેપેસીટી | | | | |
| ફાયર સેફ્ટી NOC | | | | |
| આરોગ્ય વિભાગનું NOC | | | | |
| બિલ્ડીંગ ડેવલેપમેન્ટ પરમીશન | | | | |
| બિલ્ડીંગ યુટીલાઇઝેશન પરમીશન | | | | |
| સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી અંગેનું પ્રમાણપત્ર | | | | |
| રાઇડ હોય તઓ રાઇડ અંગેના ફીટનેસ પ્રમાણપત્ર | | | | |
| ઇલેક્ટ્રીકલ ટેસ્ટ / લોડ સર્ટીફિકેટ | | | | |
| લીફ્ટના ઉપયોગ માટેનું લાયસન્સ | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ઇમરજન્સી કોન્ટેક્ટ નંબર / વિગત | | | | |
| એન્ટ્રી/એક્ઝિટ માર્કીંગ | | | | |
| સ્થળ પર હાજર વયક્તિઓની સંખ્યા | | | | |
| સી.સી.ટી.વી. ચાલુ અને રેકોર્ડીંગ અંગેની વિગત | | | | |
| પાર્કીંગ મહત્તમ ક્ષમતા<br>(૨ અને ૪ વ્હીલ માટે) | | | | |
| જનરેટર માટે રાખેલ પેટ્રોલ/ડીઝલ જથ્થો અથવા કોઇ જ્વલનશીલ જથ્થો | | | | |

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર **તા.૦૨/૦૭/૨૦૨૪ ના ક.૦૦-૦૦ થી તા.૩૦/૦૮/૨૦૨૪ ના ક.૨૪-૦૦** સુધી અમલમાં રહેશે. .

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :૦૧ /૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય
(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત.(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)